કેસ કમીટ કર્યા તારીખ ૦૧/૦૭/૨૦૧૬
રજીસ્ટરે લીધા તારીખ ૧૧ /૦૮ /૨૦૧૬
ફેંસલ તારીખ ૨૧ /૦૪/ ૨૦૨૫

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૮ | ૦૮ | ૧૦ |

**મહે. એડીશનલ પ્રિન્સિપાલ જજ તથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,**
**સિટી સેશન્સ કોર્ટ નં.૦૨, મુ. અમદાવાદ**

**સેશન્સ કેસ નંબરઃ–૨૪૬/૨૦૧૬**
**(ચુકાદાની તારીખઃ–૨૧/૦૪/૨૦૨૫)**

| | |
|---|---|
| **ગુનોઃ–** | ગોમતીપુર પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૭૦/૨૦૧૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)અન્વયે. |

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર<br>(મૂળ ફરિયાદીઃઅસગર ઈબ્રાહીમભાઈ શા) |
| **વિ.એડી.પી.પી.શ્રીઃ–** | શ્રી જી.પી.દવે |
| **આરોપીઓઃ–** | (૧) સંજય ઉર્ફે પંડિત બાબુલાલ વ્યાસ<br>રહે. મોઢ ચાંપાનેર સોસાયટીની બાજુમા,<br>લક્ષ્મીનારાયણ મંદિર પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ<br>(૨) રાજ ઉર્ફે સિરાજ મહાદેવભાઈ વાઘેલા<br>રહે. શોહરાબજી કમ્પાઉન્ડ, લક્ષ્મી બેકરી પાછળ<br>સરધરનો ટેકરો, જુના વાડજ, અમદાવદા<br>(૩) વીકી ઉર્ફે ખલી પ્રકાશભાઈ નાવાણી<br>રહે. ૨૮૯, ભીલવાસ, રમેશ દત્ત કોલોની,<br>આંબાવાડી, સરધરનગર, અમદાવાદ |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રીઃ–** | શ્રી ડી.આર.શામનાની |

**ફોર્મ – બી**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | તા.૨૫/૧૧/૨૦૧૪ |
| **ફરિયાદની તારીખઃ–** | તા.૨૬/૧૧/૨૦૧૪ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૨૧/૦૨/૨૦૧૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૧૪/૦૬/૨૦૧૯ |

| | |
|---|---|
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૧૬/૦૩/૨૦૨૩ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | – |
| **ચુકાદાની તારીખઃ–** | તા.૨૧/૦૪/૨૦૨૫ |
| **સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,** | – – – – – |

**<u>આરોપીની વિગતઃ–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સંજય ઉર્ફે પંડિત બાબુલાલ વ્યાસ | તારીખ ૨૪/૧૨ ૨૦૧૪ | જામીન મુકત છે. | ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) | નિર્દોષ | – | |
| ૦૨ | રાજ ઉર્ફે સિરાજ મહાદેવભાઈ વાઘેલા | તારીખ ૨૫/૧૨/ ૨૦૧૪ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | |
| ૦૩ | વીકી ઉર્ફે ખલી પ્રકાશભાઈ નાવાણી | તારીખ ૧૦/૦૨/ ૨૦૧૫ | જામીન મુકત છે. | | નિર્દોષ | – | |

## ફોર્મ - સી

**<u>(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–</u>**

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | નિઝામ નુરમહંમદ પઠાણ | પંચ સાહેદ | ૩૩ |
| ૨. | ઈમરાન ઈકબાલ પટેલ | પંચ સાહેદ | ૩૫ |
| ૩. | નારણભાઈ લચ્છુસિંહ રાજપૂત | બનાવ સ્થળના સાહેદ | ૪૫ |
| ૪. | રાજુ ઉર્ફે રાણીમાસી પાયલદે પાવૈયા | સાહેદ | ૫૬ |
| ૫. | ફેઝાન લીયાકતહુસેન કાઝી | ઈજા પામનાર | ૫૭ |
| ૬. | જતીનચંદ્ર ધીરજલાલ ડાંગરવાલા | તપાસ કરનાર અધિકારી | ૬૯ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૩૪ |
| ૨. | સી.આર.પી.સી. કલમ–૧૫૭ મુજબનો રિપોર્ટ | ૫૮ |
| ૩. | મુદામાલ કપડા તથા વાહન કબજે કર્યાનું પંચનામુ | ૫૯ |
| ૪. | આરોપી વીકીના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૬૦ |
| ૫. | ઈજા પામનાર અસગરઅલીનું સારવાર સર્ટીફીકેટ | ૬૧ |
| ૬. | ઈજા પામનાર ફેઝાનનુ સારવાર સર્ટીફીકેટ | ૬૨ |
| ૭. | કમિશનરશ્રીનુ હથિયારબંધીનુ જાહેરનામુ | ૬૩ |
| ૮. | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૬૪ |
| ૯. | એફ.એસ.એલ. પહોંચ | ૬૫ |
| ૧૦. | ફરિયાદ | ૭૦ |

**<u>મુદ્દામાલની વિગત</u>**

**મુદ્દામાલ પાવતી નં.૨૮૦/૨૦૧૪, તારીખ–૨૫/૧૨/૨૦૧૪**

| | |
|---|---|
| ૧. | મુદામાલ કપડા, વાહન એક્ટીવા, હથિયાર છરી વગેરે |

**મુદ્દામાલ પાવતી નં.૪૨/૨૦૧૫, તારીખ–૧૦/૦૨/૨૦૧૫**

| | |
|---|---|
| ૨. | મુદામાલ કપડા |

–: **<u>ચુકાદો</u>** :–

**૦૧.** આરોપીઓ સામે મારા વિદ્વાન પુરોગામીએ આંક–૧૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં

આવેલ છે. તે તહોમતનો આરોપીઓએ નિવેદન આપી ઈન્કાર કરેલ, આથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખેલો. તે બાદ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૦૨. ફરિયાદપક્ષના કેસની ટૂંકમા વિગત જોવામાં આવે તો, આ ગુનાની પ્રથમ માહિતી ફરિયાદી અસગર ઈબ્રાહીમભાઈ શા એ જાહેર કરેલ છે. તે ફરિયાદ મુજબ તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ રાતના ફરિયાદી તથા સાહેદ ફૈઝાન કાઝી તથા રાજુ ઉર્ફે રાણીમાસી પાયલદે નાઓ સાહેદ નારાયણભાઈ રાજપૂતની ચા ની કિટલી ઉપર બેઠા હતા. તે વખતે ૧૧.૩૦ વાગ્યે આરોપીઓ એકટીવા પર ત્રણ સવારીમાં આવેલા અને આરોપી સંજય ઉર્ફે પંડિત બાબુલાલ વ્યાસ તથા આરોપી વિકી ઉર્ફે ખલી પ્રકાશભાઈ નાવાણી એકટીવા પરથી નીચે ઉતરી સાહેદ રાજુ ઉર્ફે રાણીમાસી પાયલદે તથા ફેઝાન કાજી પાસે ગયેલા અને અગાઉના ઝગડાન અદાવત રાખી, ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલી આરોપી સંજયે પોતાની પાસેની છરી વડે પેટની ડાબી બાજુ ઉપરા ઉપરી ઘા મારી ઈજા કરેલી. તે વખતે ફરિયાદી અસગર ઈબ્રાહીમ છોડાવવા માટે વચ્ચે પડાતા તેમને પણ આરોપી સંજયે પેટના ભાગે ત્રણેક ઘા મારી ઈજા કરેલી તેમજ આરોપી વીકીએ પોતાની પાસેની છરી વડે સાહેદ ફૈઝાનને ડાબા હાથે ઘા મારી ઈજા કરેલી. આરોપી રાજ ઉર્ફે સિરાજ વાઘેલાએ એકટીવા ચાલુ રાખી ઉભા રહેલ તે એકટીવા ઉપર તમામ આરોપીઓ ભાગી ગયેલ. આ બાબતે ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ આપતાં ગુનો દાખલ થયેલ.

૦૩. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ફરિયાદીનું તથા સાહેદોના નિવેદન લઈ તથા ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચનામું કરી, આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન એડીશનલ જ્યુડીશીયલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૩, અમદાવાદ ખાતે રજુ કરતા તેને તા.૨૧–૦૨–૨૦૧૫ ના રોજ ક્રિમીનલ કેસ નં.૮૪/૨૦૧૫ થી રજીસ્ટરે લેવાયેલ. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્વાન એડી.ચીફ મેટ્રો.મેજી., કોર્ટ નં.૨૩ નાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની સેશન્સ કોર્ટમાં કમીટ કરેલ છે.

**૦૪.** આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ, કેસ પેપર્સ વંચાણે લઇ **આંક–૧૦** થી આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ અનુક્રમે આંક–૧૧ થી આંક–૧૩ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૫.** ફરિયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબિત કરવા માટે ઉપર ફોર્મ–C માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**૦૬.** ફરીયાદપક્ષે પુરાવો પૂર્ણ થતાં વિદ્વાન એડી .પી.પી.શ્રીએ પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમો તદન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે ખોટા ગુનામાં ફસાવેલ છે. ખોટી ફરિયાદ કરેલ છે." આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

## <u>દલીલ</u>

**૦૭.** ફરીયાદપક્ષે વિ.એડી.પબ્લિક પ્રોસીક્યુટર શ્રીને સાંભળ્યાં. તેઓની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, આ કિસ્સામાં ફરીયાદપક્ષે–૦૬ સાક્ષીઓને તપાસેલા છે અને તેમની જુબાનીથી આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો સાબિત થાય છે. વધુમાં તેઓની રજૂઆત છે કે તપાસ કરનાર અમલદારની જુબાની જોવામાં આવે તો, આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો યોગ્ય રીતે સાબિત થયેલ હોય આરોપીને દોષિત ઠરાવવા વિનંતી કરેલ છે.

બચાવ પક્ષે વિદ્વાન વકીલશ્રીની મુખ્યત્વે રજૂઆત છે કે તપાસવામાં આવેલા કોઈપણ સાહેદો આરોપીઓ વિરુધ્ધ મૂકવામાં આવેલ આરોપોનું સમર્થન કરતા નથી. આ સંજોગોમાં મૌખિક પુરાવાની ગેરહાજરીમાં માત્ર પંચનામાઓ આધારે

આરોપીઓને દોષીત ઠરાવી શકાય નહી. આ કેસમાં બીજા કોઈ સાંયોગિક પુરાવા રજૂ થયેલા નથી. આમ ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવો આરોપીઓને દોષિત ઠરાવવા માટે પૂરતો ન હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજૂઆત કરેલ છે.

**૦૮.** આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારી કરી ફરિયાદી તથા સાહેદને ચપ્પુ જેવા ઘાતક હથિયાર વડે ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની કોશિશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

**૦૯.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર –૦૧ નકારમાં.

(૨) મુદ્દા નંબર –૦૨ આખરી હુકમ મુજબ.

–:<u>કા ર ણો</u>:–

<u>**પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન**</u>

**૧૦.** પુરાવાનું પૃથ્થકરણ, વિશ્લેષણની શરૂઆત કરીએ તે પહેલા પુરાવાના મૂલ્યાંકન સમયે અદાલતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેમજ કયા પાસાને નજરમાં રાખવા તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટે પોતાના વિવિધ ચૂકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈએ તો પ્રસ્તુત કેસના મૂલ્યાંકનમાં તે સિધ્ધાંતો મદદરૂપ થશે. **નામદાર સુપ્રીમ કોર્ટે દિગંબર વૈષ્ણવ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ, ૨૦૧૯(૦) એઆઈઆર (સુ.કો.) પેજ–૧૩૬૭** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે ક્રિમીનલ જયુરિસ્પ્રુડન્સ પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફોજદારી કેસ સાબિત કરવાનો બોજો હરહંમેશ પ્રોસીકયુશન પર રહેલ છે. વધુમાં શંકાઓ ગમે તેટલી મજબૂત ઉભી થતી હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી અને અદાલત તેવી શંકાઓના આધારે કે શકયતાઓના આધારે આરોપીને દોષીત માની શકે નહી. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે યોગેશસિંહ વિરુધ્ધ મહાવીરસિંગ, ૨૦૧૬ (૦)એઆઈઆર (સુ.કો.) પેજ–૫૧૬૦** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ

પ્રોસીકયુશને પોતાનો કેસ વ્યાજબી શંકારહિત સાબિત કરવાનો થાય છે. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે શ્રીમતી સમીમ વિરુધ્ધ સ્ટેટ ઓફ એનસીટી દિલ્હી, ક્રિમીનલ અપીલ નંબર–૫૬/૨૦૧૮ ના** કેસમાં તારીખ ૧૯/૧૯/૨૦૧૮ ના રોજ આપેલ ચૂકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ ક્રિમીનલ ટ્રાયલ એ સત્યની શોધની પ્રક્રિયા છે અને આ પ્રક્રિયામાં અદાલતે એ જોવાનું રહે છે કે, કોઈ નિર્દોષ વ્યકિત ખોટી રીતે સજા ન પામે અને કોઈ દોષીત વ્યકિત છટકી ન જાય.

**૧૧.** બંને તરફેની દલીલને ધ્યાનમાં રાખી રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ અને મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW1 નિઝામ નુરમહંમદ પઠાણને આંક–૩૩ થી** સોગંદપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં પુરાવો આપે છે કે તેઓ સને–૨૦૧૪ માં પોતાનુ બાઈક લઈને પોતાના કામથી ગોમતીપુર પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને રોકીને પંચનામામાં સહી કરાવેલી. નિ.૯/૩ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતા તેમાં પંચ નંબર–૦૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

**૧૧.૧** આમ સાહેદ પોતાની જુબાનીમાં પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ લંબાણપૂર્વકની ઉલટતપાસ વિદ્વાન પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ છે, પરંતુ ફરિયાદપક્ષને ઉપયોગી થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**૧૨.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW2 ઈમરાન ઈકબાલ પટેલને આંક–૩૫ થી** સોગંદપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૧૪ માં રીક્ષા ચલાવતા હતા. તે વખતે શટલ ભરીને સિંગરવાથી સારંગપુર તરફ આવતા હતા ત્યારે ગોમતીપુર પોલીસ સ્ટેશનના માણસોએ રિક્ષા ઉભી રાખી એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. આંક–૩૪ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતા તેમાં પંચ નંબર–૦૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

**૧૨.૧** આમ સાહેદ પોતાની જુબાનીમાં પંચનામાની હકીકતને બિલકુલ સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ લંબાણપૂર્વકની ઉલટતપાસ વિદ્વાન પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ છે, પરંતુ

ફરિયાદપક્ષને ઉપયોગી થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW3 નારણભાઈ લચ્છુસિંહ રાજપૂતને આંક–૪૫ થી** સોગંદપર તપાસેલા છે. તેઓની જુબાની જોઈએ તો, તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સલાટનગર ખાતે ચા ની કિટલી ધરાવે છે અને તેમની ચાની કિટલી આગળ કોઈ બનાવ બનેલ હોય તેવું યાદ નથી.

**૧૩.૧** આમ, આ બનાવમાં કોણે કોને માર્યું? શું માર્યું? કોને ઈજા થઈ? તે હકીકતની તેમને જાણ નથી. તેઓ બનાવ સંબંધે કોઈ જ વિગતો જણાવતા ન હોય ફરિયાદપક્ષે તેમને ફરી ગયેલા સાક્ષી જાહેર કરેલ છે. આમ તેમની જુબાનીથી ફરિયાદપક્ષને બિલકુલ સમર્થન પ્રાપ્ત થતું નથી.

**૧૪.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW4 રાજુ ઉર્ફે રાણી માસી પાયલદે પાવૈયાને આંક–૫૬થી** સોગંદપર તપાસેલા છે. તેઓની જુબાની જોઈએ તો, તેઓ ફૈઝાન લીયાકત હુસેન કાઝી કે જે દિલ્હી દરવાજા પાસે રહેતો હતો તે નીતુ માસીનો ભાઈ હોવાથી તેને ઓળખતા હતા. સાહેદની હાજરીમાં ફેજાનને કોઈએ માર્યુ હોય તે જોયુ નથી. પોલીસે એક કાગળમાં સહી લીધેલી.

**૧૪.૧** આમ, તેઓ બનાવ સંબંધે કોઈ જ વિગતો જણાવતા ન હોય ફરિયાદપક્ષે તેમને ફરી ગયેલા સાક્ષી જાહેર કરેલ છે. ફરિયાદપક્ષે વિદ્વાન પબ્લીક પ્રોસીકયુટર દ્વારા સાહેદની લંબાણપૂર્વકની ઉલટતપાસ હાથ ધરાયેલ છે, પરંતુ આ સાક્ષીની હાજરીમાં કોઈ બનાવ બન્યો હોય? સાક્ષીએ બનાવને નજરે જોયો હોય અને આરોપી એ ફૈઝાનને પેટના ભાગે ચપ્પુના ઘા મારી દીધેલા હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવવા સફળ રહેલ નથી. આમ તેમની જુબાનીથી ફરિયાદપક્ષને બિલકુલ સમર્થન પ્રાપ્ત થતું નથી.

**૧૫.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW5 ફેઝાન લીયાકતહુસેન કાઝીને આંક–૫૭થી** સોગંદપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સજ્જન જમાદારનો મહોલ્લો, દરિયાપુર ખાતે પરિવાર સાથે રહે છે. બનાવ સને ૨૦૧૪ માં બનેલો. તે વખતે રાજુ ઉર્ફે રાણી માસી સાથે રહેતા હતા અને છુટક મજૂરી કામ કરતા હતા. બનાવ વખતે રાતના સમયે સલાટવાળા ગોમતીપુર ખાતે ચાની

લારી પર ચા પીવા ઉભા હતા ત્યારે કોઈ અજાણ્યા લોકો વચ્ચે બોલાચાલી ઝઘડો થયેલો અને તે વખતે આ ટોળુ ઝપાઝપી કરતુ તેમની તરફ આવેલ અને દરમિયાન તેમને કઈક વાગી જતા તેઓ બેભાન થઈ ગયેલ. ત્યારબાદ તેમને ત્યાંથી એલ.જી. હોસ્પીટલ ખાતે લઈ ગયેલા અને ત્યાં સારવાર થયેલી અને એલ.જી. હોસ્પીટલમાં આશરે દશેક દિવસ સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવેલી . તેઓ આરોપીઓને ઓળખતા નથી.

**૧૫.૧** આમ, સાહેદ ફૈઝાન કાઝીની જુબાની જોવામાં આવે તો, તેમને બનાવમાં ઈજા થયેલી તે હકીકતને સમર્થન આપે છે. પરંતુ ઈજા કોણે પહોંચાડી? તે અંગે કોઈ સ્પષ્ટતા કરતા નથી. તેથી વિપરીત અજાણ્યા માણસો ઝપાઝપી કરતા હતા તેમાં તેમને વાગી ગયાનું જણાવે છે. તેમની રૂબરૂમાં આરોપીઓની કોઈ ઓળખ પરેડ થઈ હોય તેવી હકીકત જણાવતા નથી. કોર્ટ રૂબરૂ પણ કોઈ આરોપીઓને ઓળખી બતાવતા નથી. તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાક્ષી જાહેર કરેલા છે અને લંબાણપૂર્વક ઉલટતપાસ હાથ ધરેલી છે, પરંતુ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, ફરિયાદપક્ષનો કેસ જે સાક્ષીની જુબાની પર નિર્ભર છે તે મહત્વના સાક્ષી જ આ કિસ્સામાં ફરી ગયેલા છે. આમ તેમની જુબાની આધારે તહોમતનામાના આક્ષેપો સાબિત થઈ શકેલ નથી.

**૧૬.** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **PW6 જતીનચંદ્ર ધીરજલાલ ડાંગરવાલાને આંક-૬૯થી** સોગંદપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ગઈ તા. ૨૬.૧૧.૨૦૧૪ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ પી.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન પી.એસ.ઓ. હેડ.કોન્સ્ટેબલ જગદીશભાઈ નારણભાઈ ને એલ.જી. હોસ્પીટલની વર્ધી આવતા તેઓ ત્યાં પહોંચી હોસ્પીટલમાં ટ્રોમા સેન્ટરમાં ઈજા પામનાર ફરીયાદી અસગરભાઈ ઈબ્રાહીમભાઈ શાહ નાઓની તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર કરવા સારુ મોકલી આપતા ફ.ગુ.રજી. નં. ૧૭૦/૨૦૧૪ ઈ.પી.કો કલમ ૩૨૪, ૨૯૪(ખ) ૫૦૬(૨),૧૧૪ વિગેરે મુજબની ફરીયાદ નોંધી લઈ આગળની તપાસ પો.સ.ઈ શ્રી એ.એ. રાઠવા નાઓને મળતા તેમણે તપાસ સંભાળેલી. તેમણે તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ સદર કામે ઈ.પી.કોની કલમ

૩૦૭ મુજબનો ગુનો બનતો હોય એફઆઈઆરમાં કલમ ઉમેરાનો રીપોર્ટ નામ.મેટ્રો.મેજીસ્ટ્રેટને મોકલી આપેલ. નિ. ૯/૧ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે ફરીયાદી મરણ ગયેલ છે. સદર ફરીયાદમાં રૂબરૂ કરતા તરીકે હેડ.કોન્સ્ટેબલ જગદીશભાઈ નારણભાઈની સહી છે જેઓ તેઓના તત્કાલીન તાબા હેઠળના કર્મચારી હોય તેઓની સહી ઓળખે છે. જે આંક–૭૦ થી રજૂ છે. સીઆરપીસીની કલમ ૧૫૭ મુજબનો ચાર્જ અમલદારનો રીપોર્ટ બતાવવામાં આવે છે જેમાં હેડ.કોન્સ્ટેબલ જગદીશભાઈ નારણભાઈની સહી છે જેઓ તેમના તત્કાલીન તાબા હેઠળના કર્મચારી હોય તેઓની સહી ઓળખે છે. આંક–૩૪ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.આઈ. શ્રી એ.એ. રાઠવા ની સહી છે જેઓ તેમના તત્કાલીન તાબા હેઠળના કર્મચારી હોય તેઓની સહી ઓળખે છે. ત્યારબાદ સદર ગુનાની આગળની તપાસ મળતા તેમણે સંભાળેલી. તેમને મળેલ તપાસના કાગળોનો અભ્યાસ કરેલ તેમ જણાવેલ છે. સદર ગુનાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તથા વિશેષ નિવેદનો નોંધેલા. ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ નાઓના લોહીના નમુના લેવડાવવામાં આવેલ. બાદ તપાસના કામે આ કામના આરોપીઓની અટક કરી ગુનાના સમયે પહેરેલ કપડા તેમજ ગુનામાં વાપરેલ હથિયાર તથા એક એકટીવા તપાસના કામે બે પંચો રૂબરૂ પંચનામુ કરી તપાસના કામે કબજે કરેલ. તપાસના કામે કબજે કરેલ મુદ્દામાલ હથિયાર, કપડા તથા લોહીના નમૂનાઓ એફએસએલમાં પૃથ્થકરણ સારુ મોકલી આપેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા હોય આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ.

**૧૬.૧** આમ, તપાસ કરનાર અમલદારની જુબાની જોઈએ તો, તેમણે તપાસની ઔપચારિકતાને તેમની જુબાનીમાં વર્ણવેલ છે. તેમણે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ છે અને સાહેદોના નિવેદન લીધેલા છે. મુદામાલ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ છે. પરંતુ આ કિસ્સામાં અગાઉ ચર્ચા કરી તેમ તમામ સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ત્યારે માત્ર તપાસ કરનાર અમલદારની જુબાની આધારે આરોપીને દોષીત માની શકાય નહી. આમ તપાસ કરનાર અમલદારની જુબાની આધારે એટલું જરૂરથી સાબિત થાય છે કે, ઈજા પામનારને ગંભીર ઈજા થતાં ગુનો નોંધાયેલો. તે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં

આવેલુ. પરંતુ આરોપીઓએ ગુનો કર્યો છે તે બતાવતાં સ્પષ્ટ અને સબસ્ટેન્ટીવ પુરાવા તેમની જુબાનીમાંથી પ્રાપ્ત થતા નથી. આમ માત્ર તપાસ કરનાર અમલદારની જુબાની આરોપીઓને દોષીત સાબિત ઠરાવવા માટે અપૂરતી છે. આ કિસ્સામાં તેમની જુબાનીમાં એફએસએલમાં નમૂના મોકલવામાં આવ્યા તેની યાદીઓ રજૂ થયેલી છે, પરંતુ પૃથ્થકરણ ના અંતે એફએસએલ રિપોર્ટ આવેલો કે કેમ? તે અંગે કોઈ સ્પષ્ટતા થતી નથી કે તેવો કોઈ એફ.એસ.એલ. રિપોર્ટ રજૂ થયેલ નથી. આમ અન્ય કોઈ સાંયોગિક પુરાવા પણ રજૂ થયેલા નથી કે જેના આધારે આરોપીઓને આરોપ સાથે સાંકળી શકાય. આમ, ઉપરોકત ચર્ચા અને સંજોગો ધ્યાનમાં લેતા, આંક–૧૦ થી તહોમતનામુ ફરમાવેલ છે તેના આક્ષેપો વ્યાજબી શંકા રહિત રીતે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નંબર–૦૧ નો** જવાબ સ્પષ્ટપણે **નકારમાં ઠરાવુ છું** અને મુદ્દા નં.૦૨ પરત્વે ન્યાયનાહીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– હુ ક મ –**

૦૧. પ્રસ્તુત સેશન્સ કેસ નં.૨૪૬/૨૦૧૬, ગોમતીપુર પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૭૦/૨૦૧૪ ના કામે આરોપીઓ (૧)સંજય ઉર્ફે પંડિત બાબુલાલ વ્યાસ, (૨) રાજ ઉર્ફે સિરાજ મહાદેવભાઈ વાઘેલા તથા (૩)વીકી ઉર્ફે ખલી પ્રકાશભાઈ નાવાણી નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) વગેરેના મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હુકમ કરવામાં આવે છે.

૦૨. વધુમા, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીને રૂા.૧૦,૦૦૦/–ના જામીન તથા જાતખત રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૦૩. આ કામે બિનકિમતી મુદામાલનો અપીલ સમય બાદ જો અપીલ થયેલ ન હોય તો તે બિનકીમતી મુદામાલનો નાશ કરવો.

૦૪. આરોપીઓનો પાસપોર્ટ જમા હોય તો તેમને પરત કરવો.

આ હુકમ આજ રોજ તારીખઃ૨૧, માહે એપ્રિલ ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૧/૦૪/૨૦૨૫.
સ્થળ – અમદાવાદ.

**(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)**
અધિક મુખ્ય ન્યાયાધીશ, કોર્ટ નં.૦૨,
સિટી સેશન્સ કોર્ટ, અમદાવાદ.
Code No.GJ–00588

mkm